



અજય ,મંદીર ફળીયા


અલ્પેશ પટેલ ઘેકટી વડ ફળીયા


ચિન્ટુ અને સાવન ,કેસલી


શ્રી સાંઇ નવયુવક મંડળ, નાના ફળિયા, ગણદેવા


પ્રેમ પટેલ ,ચીખલી


યશ અને જીગ્ના ઘેકટી


નિલય પટેલ અને ફ્રેંડસ, કેસલી

# સરીગામમાં સૂચિત પાવર પ્લાન્ટ પ્રોજેક્ટથી પ્રદૂષણ વધશે!

**કલેક્ટર,** જીપીસીબીના અધિકારીની ઉપસ્થિતિમાં યોજાયેલી લોકસુનાવણીમાં લોકોએ વાંધા વિરોધ-સૂચનો રજૂ કર્યા

ઉમરગામ : ઉમરગામ તાલુકાના સરીગામ સ્થિત મેસર્સ .જે. બી. એફ.ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ કંપનીના સૂચિત પાવર પ્લાન્ટ પ્રોજેક્ટ માટે મંગળવારે કલેક્ટરની અધ્યક્ષતામાં જીપીસીબીના અધિકારીની ઉપસ્થિતિમાં યોજાયેલી પર્યાવરણીય લોકસુનાવણીમાં લોકોએ પોતાના વાંધા વિરોધ અને સૂચનો રજુ કર્યા હતા. આ લોકસુનવણી એકંદરે શાંતિપૂર્ણ મોહલમાં સંપન્ન થઈ હતી.


ઉમેશ સોલંકી

સૂત્રો પાસેથી મળતી જાણકારી મુજબ ઉમરગામ તાલુકાના સરીગામ ખાતે કાર્યરત જે.બી. એફ.ઇન્ડ. લિમિટેડ કંપની કોલસા આધારિત કેપ્ટીવ પાવર જનરેશન -9.9 ( એમ.વી)ના પાવર પ્લાન્ટ સ્થાપિત કરવા માંગતી હોઈ જે અંતર્ગત સૂચિત પરિયોજના અંગેની લોકસુનાવણી સરીગામ એસ.આઈ.એ.ના હોલમાં લોકોની રજૂઆતો, સૂચનો ધ્યાને લેવા જિલ્લા કલેક્ટર સી. આર ખરસાણની અધ્યક્ષતામાં જીપીસીબીના અધિકારી એચ.એમ.ગાંવિત (આર.ઓ) ની ઉપસ્થિતિમાં પોલીસ બંદોબસ્ત વચ્ચે રાખવામાં આવી હતી.

લોકસુનાવણીમાં ઉપસ્થિત રાજકીય આગેવાનો શંકરભાઇ વારલી, રાકેશ રાય, સામાજિક કાર્યકર પ્રકાશભાઈ આરેકર વિગેરેએ સરીગામમાં વધતા પ્રદૂષણ અને ટ્રાફિકની સમસ્યા વધુ હોવાનું જણાવી આ કોલસા આધારિત પાવર પ્લાન્ટ પ્રોજેક્ટથી પ્રદુષણ અને ટ્રાફિક સમસ્યા વધશે, એમ જણાવી પોતાના વાંધા વિરોધ અને સૂચનો રજુ કર્યા હતા.

## હવા, પાણીનું પ્રદૂષણ ન ફેલાય તે માટે તકેદારી રખાશે : કંપનીના અધિકારીઓ

કંપનીના અધિકારીઓએ કંપનીના પ્રોજેક્ટને લગતી જાણકારીઓ આપતા કહ્યું કે આ પ્રોજેક્ટ પાછળ રૂ. 42 કરોડ ખર્ચ કરવામાં આવશે. અને હવા પાણીનું પ્રદુષણ ન ફેલાઈ તે માટે ખાસ તકેદારી રાખવામાં આવશે અને સ્થાનિકોને રોજગારી અને સામાજિક ઉત્કર્ષ માટે લોકોની જરૂરિયાત પ્રમાણે આગામી પાંચ વર્ષમાં લાખ્ખો રૂપિયા ફાળવવામાં આવશે.

## વાંધા, વિરોધ અને સૂચનો સરકારમાં મોકલવામાં આવશે : કલેક્ટર

કંપનીના અધિકારીઓએ જણાવ્યું હતુ કે દિવસમાં માત્ર પાંચ છ ટ્રક જ કોલસાની આવશે અને હવા, પાણીનું પ્રદુષણ ન ફેલાઈ તે માટે ખાસ તકેદારી રાખવામાં આવશે. લોકસુનાવણીમાં સ્થાનિક લોકો તરફથી રજુ કરવામાં આવેલા વાંધા, વિરોધ અને સૂચનો સરકારમાં મોક્વામાં આવશે. તેમ જિલ્લા કલેક્ટર ખરસાણ દ્વારા જણાવવામાં આવ્યું હતું. લોકસુનવણી એકંદરે શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી.

# મહુવર મરોલીમાં પ્રેમ સંબંધની શંકામાં પતિએ પત્નીને મારી

નવસારી :મળતી માહિતી મુજબ, જલાલપોર તાલુકાના મહુવર મરોલી બજાર કોળી સમાજની વાડીમાં સુરેશભાઇ ભીખાભાઇ રાઠોડ રહે છે. સુરેશભાઈને તેમની પત્ની સવિતાબેન ઉપર વહેમ હતો કે સવિતાબેનનો કોઈની સાથે પ્રેમ સંબંધ છે. જે સુનિલભાઇ સવિતાબેનને શારીરિક-માનસિક ત્રાસ આપી ઘણીવાર ઝઘડો થયો હતો. ગત ૯મીએ રાત્રે સુરેશભાઇ સવિતાબેન ઉપર વહેમ રાખી ઝઘડો કર્યો હતો.

**પત્નીના માથામાં પતિએ લોખંડનો સળિયો મારી, મારી નાંખવાનો પ્રયાસ**

ગુસ્સે ભરાયેલા સુરેશભાઈએ સવિતાબેનને પોતાના ઘરમાં રાખેલો લોખંડનો સળિયો માથામા મારી દેતા તેણી લોહી લુહાણ થઇ ગઇ હતી. જોકે અન્ય પાડોશીઓએ તેઓને છોડાવી સવિતાબેનને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડી હતી. જ્યારે આ બનાવ અંગે નરેશભાઈએ મરોલી પોલીસ મથકે સુરેશભાઇ વિરૂદ્ધ ફરિયાદ નોધાવતા આગળની તપાસ પીએસઆઇ પી.ડી. મકવાણાએ હાથ ધરી છે.

# કરબલાના શહીદોની યાદમાં ઉજવાતો પર્વ 'મોહર્રમ'

## વઘઇમાં મુસ્લિમ યુવાનોએ અખાડાના કરતબ બતાવ્યાં

વઘઇ : વઘઈ અને આહવામાં મુસ્લિમ બિરાદરોએ કોમી એખલાસની સાથે મોહરમની ઉજવણી કરી હતી. વઘઇ ખાતે કોમી એખલાસની સાથે મુસ્લિમ સમાજ એકત્રિત થઇ સત્ય અને અસત્યની લડાઈમાં ઈમામ હુસેન અને તેમના ૭૨ વફાદાર સાથીઓએ કરબલાના મેદાનમાં ધર્મની રક્ષા અને સત્ય માટે શહાદત વહોરી હતી, જે સત્યની લડાઈમાં જુલ્મ, અત્યાચાર સામે ત્યાગ, બલિદાન આપી સમગ્ર દુનિયાને શાંતિના પાઠ શીખવાડનાર હઝરત ઇમામ હુશૈન તથા કરબલાનાં શહીદોની સ્મુતિમાં વઘઇમાં હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી. આ પ્રસંગે ડાંગના ધારાસભ્ય મંગળ ગાવિત, વઘઇ સરપંચ મોહન ભોયે સહિત હિન્દુ આગેવાનો ઉપસ્થિત રહી કોમી એકતાનું ઉદાહરણ પુરુ પાડયુ હતુ. જયારે આહવામાં પણ રંગબેરંગી રોશનીથી શણગારેલા તાજીયાનુ જુલુશ કાઢવામાં આવ્યુ હતુ.


નિલેશ સુરતી



## સેલવાસમાં તાજિયા જુલુસ નીકળ્યું

સેલવાસ : મુસ્લીમ સમાજ દ્વારા મોહરમ નિમિતે હુસેની તાજીયા સમિતિ દ્વારા તાજીયા જુલુશ કાઢવામાં આવ્યુ હતુ. બાવીસા ફળિયા ઘાંચી જમાતખાનાથી તાજીયાની શરૂઆત કરવામાં આવી હતી. જે વિવિધ વિસ્તારમાં ફરી જામા મસ્જીદ થઇ કબ્રસ્તાનમાં જઈ ઠંડા કરાયા હતા. આ અવસરે કોમી એકતાનું વાતાવરણ જોવા મળ્યું હતું. તાજિયાના દર્શન માટે મુસ્લીમ બિરાદરો અને હિન્દુ ભાઈ-બહેનો પણ આવ્યા હતા.

## વાંસદામાં શાંતિપૂર્ણ માહોલમાં ઉજવણી


નિલેશ કાપડીયા

વાંસદા : મુસ્લિમ સમુદાયના મહોરમ પર્વ નિમિત્તે વાંસદામાં તાજીયાના ભવ્ય ઝુલુસ નીકળતા કોમી એકતાના દ્રશ્યો સર્જાયા હતા. આ પ્રસંગે વાંસદા ગ્રા.પં. ડે ધર્મેન્દ્રસિંહ સોલંકી તથા પંચાયત સભ્યો, ભાજપના વિરલ વ્યાસ, પ્રદ્યુમ્નસિંહ સોલંકી, ગુલાબ પટેલ, ધારાસભ્ય અનંત પટેલ, ઈલયાસ પ્રાણીયા, મામલતદાર વિશાલ યાદવ, રવુભાઈ પાનવાલા, ગુલુભાઈ બેન્ડવાળા સહિત મુસ્લિમ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## નવસારીમાં હિન્દુ-મુસ્લિમોની ખુદાના બંદાઓની શહાદતને શોકાંજલિ

નવસારી : નવસારીમાં ગત ૧૦ દિવસોમાં મુસ્લિમોએ ઈમામ હુસેન અને તેમના સાથિયોએ કરબલામાં જે શહાદત વહોરી હતી, તેને યાદ કરી શોકાંજલી અર્પણ કરી હતી. શહેરમાં મંગળવારે ૧૦માં દિવસે એટલે કે આસુરા પર શહીદોને યાદ કરી, તાજીયા જુલુસ કાઢવામાં આવ્યું હતું. શહેરના નક્કી કરાયેલા રાજમાર્ગો પરથી તાજીયા કાંઢવામાં આવ્યા હતા, જે જુનાથાણા પહોંચ્યાં બાદ ત્યાંથી બધા તાજીયા પુર્ણા નદીમાં વિસર્જીત (ઠંડા) કરવામાં આવ્યા હતા. જુલુસ દરમિયાન હજારો મુસ્લિમ અને હિન્દુઓએ માનતા માંગી ખુદાના બંદાઓની શહાદતને શોકાંજલિ આપી હતી. નવસારીમાં અંદાજે ૧૨૦૦ વર્ષની પરંપરા અનુસાર મંગળવારે બપોરે દરગાહ રોડ પરથી મોટી દરગાહના તાજીયાને પ્રથમ કાઢવામાં આવ્યા હતા. જે શહેરના મુખ્ય માર્ગો પર થઈ જુનાથાણા પહોંચ્યાં હતા. ગણેશોત્સવ અને મહોરમનો તહેવારને લઇને શહેરમાં કોમી એખલાસ ભર્યુ વાતાવરણ જાવા મળ્યુ હતુ.





## વલસાડ, ધરમપુર અને પારડીમાં હુસેનની શહાદતની ઉજવણી

વલસાડ, ધરમપુર, પારડી : વલસાડ, પારડી અને ધરમપુરમાં મોહરમના પર્વ નિમિત્તે મુસ્લિમ સમાજ દ્વારા કાઢવામાં આવેલા તાજીયા જુલુસ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયા હતાં. કરબલાના શહીદોની યાદમાં ઉજવાતા આ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ ત્રણેય શહેરોમાં મંગળવારે નીકળેલા ઝુલુસમાં મુસ્લિમ બિરાદરો ઉપરાંત અન્ય શહેરીજનો મોટી સંખ્યામાં હાજર રહેતા કોમી એખલાસનું અનોખું વાતાવરણ સર્જાયુ હતું. તાજીયાનું ઝુલુસ શહેરના આઝાદ ચોક વિસ્તારમાં આવી પહોંચતા માજી સાંસદ કિશન પટેલ, તા.પં. પ્રમુખ રમેશ પાડવી, મામલતદાર જે.કે. તડવી, સીપીઆઇ મકવાણા, પીએસઆઇ બ્રહ્મભટ્ટ તથા એન.ટી.પુરાણી સહિત અન્ય અગ્રણીઓ દ્વારા તાજીયા ઝુલુસનું સ્વાગત કરાયું હતું. બાદ તાજીયા કમિટિના પ્રમુખ શબ્બીર શેખ, ઉપપ્રમુખ યાકુબ શેખ, અમજદ શેખને માજી સાંસદ કિશન પટેલ, તા.પં. પ્રમુખ રમેશ પાડવીએ આવકાર્યા હતાં. શહેરમાંથી પસાર થયેલા આ તાજીયાના ઝુલુસ દરમિયાન મુસ્લિમ યુવાનો દ્વારા અખાડાના કરતબોનું પ્રદર્શન કરાયું હતું.

## બીલીમોરામાં વરસાદને કારણે તાજિયાને પ્લાસ્ટિકથી ઢાંકી દેવાયા

બીલીમોરા, ધનોરીનાકા (ગણદેવી) : બીલીમોરાના રાજમાર્ગો પરથી કલાત્મક નાના મોટા ૧૦ તાજિયાના જુલૂસ નીકળ્યા હતા. જેને જોવા મોટી સંખ્યામાં લોકો એકત્રિત થયા હતા. તાજીયા જુલૂસ દરમિયાન સતત વરસતા વરસાદને લીધે તાજીયાને પ્લાસ્ટિકથી ઢાંકી દેવાયા હતા. શહેરના રાજમાર્ગો ઉપર ઠેર ઠેર તાજીયાને આવકાર મળ્યો હતો. ભાઈબંધ કોમ સિવાય હિન્દુઓ પણ ખુબ મોટી સંખ્યામાં દર્શન કરવા અને તાજીયાને ફૂલહાર નાળિયેર અને ભાજી ચડાવવા ઉમટી પડ્યા હતા. તાજિયાના જુલૂસ સાથે નાયબ પોલીસ વડા મોરી, પીઆઇ સગર, એસ.ઓ.જી પો.સ.ઈ આર જે ઠુમ્મર, સ્થાનિક સિનિયર પો.સ.ઇ ગરાસીયા, સેકન્ડ પોસઇ ચૌધરી, પોલીસ સ્ટાફ વિગેરે બંદર ઉપર મોડી સાંજે તાજીયા ઠંડા કરાયા ત્યાં સુધી સતત હાજર રહી ચુસ્ત બંદોબસ્ત સાચવ્યો હતો. ગણદેવીમાં પણ શાંતિપૂર્ણ માહોલમાં મોહરમનો તહેવાર ઉજવાયો હતો.


કેસી બારીયા, આર.ટી. પટેલ

# સી.એ.નો અભ્યાસ કરતા પુત્રના મોતના આઘાતમાં પિતાનો પણ આપઘાત

**સોળસુંબામાં** પુત્રનું હાર્ટ એટેકથી મોત થતાં પિતા આઘાતમાં હતા

ઉમરગામ : સી.એ. નો અભ્યાસ કરતા યુવાન પુત્રના મોતના આઘાતમાં ઉમરગામ તાલુકાના સોળસુંબા ગામમાં રહેતા પિતાએ પોતાના રૂમમાં ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવતા ચકચાર મચી જવા પામી હતી.

આ અંગે પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ઉમરગામ તાલુકાનાં સોળસુંબા ગામના પૂર્વ વિસ્તારમાં આવેલી સ્વપ્નલોક સોસાયટી સુખસાગર બિલ્ડીંગ-બી ફ્લેટ નંબર ૧૦૩માં રહેતા મૂળ ઓરિસ્સાના પરિવારનો મોભી સંતોષકુમાર જગન્નાથેએ ગત રાત્રિ દરમિયાન પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યાની ઘટના બની છે. મૃતકના પરિવારજનોએ પોલીસમાં કરેલી ફરિયાદ મુજબ ત્રણેક મહિના પહેલા મૃતક સંતોષકુમાર જગન્નાથનો મોટો દીકરો શિવકુમાર જે ચાટર્ડ એકાઉન્ટેન્ટ (સી.એ)ના અંતિમ વર્ષમાં અભ્યાસ કરયો હતો, તેનું થોડા મહિના પહેલા હાર્ટ એટેકના કારણે મોત થતાં પિતા સંતોષકુમાર જગન્નાથ ભારે આઘાત અનુભવી રહ્યાં હતા.

ગતરોજ રાત્રે જ્યારે મૃતકની પત્ની અને નાનો દીકરો બીજી રૂમમાં સૂતા હતા ત્યારે સંતોષકુમારે પોતાના રૂમમાં ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાની જાણ ઘરના લોકોને સવારએ થતાં આ અંગેની ફરિયાદ ઓમકાર સંતોષકુમાર (રહે, સોળસુંબા) એ ઉમરગામ પોલીસ મથકે કરતાં ઉમરગામ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

# દમણમાં કૌટુંબિક ઝઘડામાં દરમ્યાનગીરી કરવા કલેક્ટરને આવેદનપત્ર

દમણ : દમણમાં ચાલતા કૌટુંબિક જમીનના ઝગડાઓમાં પ્રશાસન પોતાની દરમ્યાનગીરી કરી શાંતિ સમાધાનનો માર્ગ અપનાવાની પહેલ કરે એવા આશય સાથે ભાજપા સદસ્ય દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. ભાજપાના મરવડ મંડલ અધ્યક્ષ રાકેશ પટેલ દ્વારા જિલ્લા કલેક્ટરને એક આવેદનપત્ર પાઠવી જણાવ્યું કે, દમણના શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં જમીનની વહેંચણી અંગે અનેક કૌટુંબિક ઝગડાઓ ચાલી રહ્યા છે. આ બાબતે કલેક્ટર વિભાગમાં જમીનની વહેંચણી અંગે વિવિધ અરજીઓ થતી હોય છે અને આ અરજીઓના આધારે તેની ફાઈલ બનાવવાની પ્રક્રિયા પણ કરાતી હોય છે, પરંતુ કુટુંબના કોઈ એક વ્યક્તિ દ્વારા જમીનની વહેંચણીના મુદ્દે આપત્તિ લેતા ઘણીવાર ડેપ્યુટી કલેક્ટર પોતાનો આદેશ આપવામાં અસમર્થ થઈ જાય છે. તેને લઈ મોટાભાગની ફાઈલો પડતર પડી રહે છે. ત્યારે પડતર ફાઈલોનું સમાધાન કરવા જો ડેપ્યુટી કલેક્ટર અથવા મામલતદારની દેખરેખ હેઠળ જમીનનો સર્વે કરી કોના ભાગે કેટલી જમીનનો ભાગ મળી શકે એની નોંધ લઈ વહેંચણી કરવામાં આવેએ પ્રકારનું પ્રાવધાન કરી પડતર ફાઈલોનું નિરાકરણ લાવવાની માંગ કરી છે.


## Public Notice

Notice is hereby given to all concern that my client intends to purchase the (1) Land bearing Khata No. 435 having Old Revenue Survey No. 265/2 (New S. No. 870) admeasuring H.00-14-42 P.Are, Old Revenue survey No 266/1 (New S. No. 871) admeasuring H.00-42-67 P.Are, and Old Revenue Survey No 265/1 (New S. No. 872) admeasuring H.0044-76 P.Are situated at Village Kalsar Tal Pardi, Dist Valsad, (2) Land bearing Khata No. 420 having Old Revenue Survey No. 269 (New S. No. 863) admeasuring H.00-64-78 P.Are, Revenue Survey No. 268 (New S. No. 864) admeasuring H.00-52-56 P.Are, Old Revenue Survey No. 267/2 (New S. No. 865) admeasuring H.01-72-91 P.Are, and Old Revenue Survey No. 266/2/3 (new S. No. 868) admeasuring H.00-51-80 P.Are, Situated at Village Kalsar, Tal Pardi, Dist Valsad and (3) Land bearing Khata No. 575 having Old Revenue Survey No. 266/1/P1 (New S. No. 869) admeasuring H. 00-81-15 P.Are, Old Revenue Survey No. 265/1/P1 (New S. No. 889) admeasuring H.00-29-52 P.Are, and Old Revenue Survey No. 265/2/P1 (New S. No. 890) admeasuring H.00-28-82 P.Are, situated at Village Kalsar, Tal Pardi, Dist Valsad, from its lawful owner **SMT. PRITIBEN SURESHBHAI PATEL.** At present the said lands are Agricultural land and as per the agreed terms the said owner have to convert the said lands to N.A use for Industrial purpose from the competent authority and after converting the said land as N.A., the said owner have to execute the Sale Deed of N.A. land in favour of my client. The said owner claims & assures that she is absolute owner and is in possession of the said land and title of the said land is clear and marketable.

Therefore if anybody is having any right, title or interest in the said property or any part thereof are hereby called upon by this notice to lodge their claim if any with documentary proof to the undersigned within **SEVEN DAYS** from the date of publication of this notice, failing which my client will presume that nobody have any claim or title and if any have abandoned the same and I will issue the title clearance certificate in respect of the said property after notice period and my client Will complete the sale transaction with the said Owner as referred above, which please be noted.

**Address:- Shivam Plaza, 1st Floor, Kavi Khabardar Marg, Nani Daman (U. T.), 0260 - 2255131.**

**sd/- Sanjeev S. Bhatt Advocate**


# ખેરગામમાં નીકળેલા જુલૂસમાં કોમી એકતાનો માહોલ સર્જાયો

ખેરગામ : ખેરગામમાં સોમવારે કતલની રાતે તાઝિયાનું જુલુશ અને રામજી મંદિરથી નીકળેલો લાલાજીનો વરઘોડો એકસાથે બજારમાં ભેગા થઈ જતા હિન્દૂ આગેવાનો દ્વારા વરઘોડો બાજુએ કરી મુસ્લિમોના જુલુશને આગળ જવા રસ્તો આપ્યો તે સમયે કોમી એખલાસનો અનોખો માહોલ સર્જાયો હતો. મુસ્લિમોનું ભવ્ય જુલુશ બજારમાં આવી પહોંચતા રામજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ અમરતભાઈ



કંસારા, કામદાર નેતા આરસી પટેલ, કથાકાર પ્રફુલભાઈ શુકલ, ભૌતેશ કંસારા, શૈલેષ ટેલર, પીએસઆઇ કે જે ભોયે, પંકજ મોદીએ મુસ્લિમ આગેવાનોનું ફૂલ હાર દ્વારા સ્વાગત કર્યું હતું. બંને સમાજના તહેવારો એકસાથે હોય જે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયા હતાં. કામદાર નેતા આરસી પટેલે જણાવ્યું કે ખેરગામની આવી કોમી એકતાનું આ દ્રશ્ય સમગ્ર દેશ માટે મિશાલ બની રહે છે, પ્રફુલભાઈ શુકલએ પણ આવી એકતા હમેશા બની રહે તે માટે આશીર્વચન આપી આ દ્રશ્ય જોઈને કરબલાની યાદ આવી જાય છે એવું જણાવ્યું હતું.


રાજીવ નગર, કાલિયાવાડી

**નવસારી જિલ્લાનો વરસાદ**

| | |
|---|---|
| ગણદેવી | 5 ઇંચ |
| નવસારી | 4 ઇંચ |
| જલાલપોર | 4 ઇંચ |
| ચીખલી | 2 ઇંચ |
| ખેરગામ | 2 ઇંચ |



પ્રકાશ ટોકિઝ, રેલ્વે ગરનાળું

# બે દિવસના વરસાદથી નવસારી જિલ્લો પાણી-પાણી

**શહેરના** નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં, લોકમાતાઓ બંને કાંઠે

નવસારી : નવસારી અને ઉપરવાસના ડાંગ જિલ્લામાં બે દિવસોથી પડી રહેલા ભારે વરસાદને પગલે નવસારી જિલ્લો પાણી પાણી થયો છે. આજે વહેલી સવારથી નવસારી અને જલાલપોર તાલુકામાં વરસેલા મુશળધાર વરસાદને કારણે શહેરના રસ્તાઓ પર પાણી ભરવા સાથે ખાડી કિનારાના નીચાણવાળા વિસ્તારોમાં પણ લોકોના ઘરોમાં પાણી ભરાયા હતા. અંબિકા અને પૂર્ણા નદીના જળ સ્તરમાં થઈ રહેલા વધારાને કારણે કિનારાના ગામોમાં પુરની સ્થિતિ સર્જાવાની સંભાવના વર્તાઇ રહી છે. નવસારીમાં મંગળવારે સાંજે 6 વાગે સુધી 24 કલાકમાં ગણદેવી તાલુકામાં 5 ઈંચ તથા નવસારી અને જલાલપોર તાલુકામાં 4-4 ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે ચિખલી અને ખેરગામ તાલુકામાં બે ઈંચ અને વાંસદા તાલુકામાં અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો.

ખાડાઓમાં ફેરવાયેલા રસ્તાઓ ઉપર પાણી ભરાતા હળવેથી ચાલતા વાહનોને કારણે ટ્રાફિક સમસ્યા પણ સર્જાઈ હતી. વિજલપોર શહેરમાં પણ કેટલીક સોસાયટી, ગલીઓ અને મોહલ્લાઓમાં વરસાદી પાણી ભરાતા લોકોએ હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

ભારે વરસાદને પગલે ગણદેવી નજીકથી પસાર થતી વેંગણિયા ખાડીમાં પણ પાણી વધતાં ગણદેવી અને બીલીમોરા માર્ગ પરના બંધારા પરથી પસાર થયા હતા. વેંગણિયાના પ્રવાહને કારણે રસ્તો બંધ કરી દેવો પડ્યો હતો અને કોઈ દુર્ઘટના ન સર્જાય એ માટે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવાયો હતો. વેંગણિયા પરના બંધારા પરથી પાણી ફરી વળતાં સામે કાંઠાના તોરણ ગામના બે ફળિયાના લોકોને પણ મુશ્કેલી વેઠવી પડી હતી. કબીલપોર જીઆઈડીસીને કારણે સત્તાધાર સોસાયટીમાં પાણી ભરાયા નવસારી નજીક આવેલી કબીલપોર જીઆઈડીસીને અડીને આવેલી સત્તાધાર સોસાયટીમાં પણ સોમવારે સવારે પડેલા મુશળધાર વરસાદને પગલે પાણી ભરાયા હતા.

## પૂરની સ્થિતિ સર્જાવાની સંભાવના

નવસારી નજીકથી પસાર થતી પૂર્ણાં નદીનું જળ સ્તર 16 ફૂટ, ગણદેવી તાલુકામાથી પસાર થતી અંબિકા નદીનું જળ સ્તર 19.45 ફૂટ અને કાવેરી નદીનું જળ સ્તર 10 ફૂટ નોધાયું હતું. ઉલ્લેખનીય છે કે સોમવારે સવારથી સાંજ સુધીમાં પૂર્ણાં અને અંબિકા નદીના જળ સ્તરમાં સતત વધારો નોંધાયો હતો. જેથી જો નવસારી કે ઉપરવાસમાં વરસાદની બેટિંગ ચાલુ રહે તો પુરની સ્થિતિ સર્જાવાની સંભાવના વર્તાઇ રહી છે.


ગીરીશ ભોયે

# સાપુતારામાં ઝરમરિયા વરસાદની હેલી વચ્ચે ધુમ્મસની ચાદર છવાઇ

**ડાંગમાં** મંગળવારે મેઘરાજા નરમ પડતાં જનજીવન થાળે પડયું

સાપુતારા : ડાંગ જિલ્લાનાં દરેક પંથકોમાં મંગળવારે ઝરમરીયા વરસાદ પડતા ગામડાઓમાં શીત લહેર વ્યાપી જવા પામી હતી.

ડાંગ જિલ્લામાં સોમવારે બપોર સુધી ધોધમાર વરસાદ પડતા પાણી પાણીનાં દ્રશ્યો રેલાયા હતા, સાથે ડાંગની તમામ નદીઓ ગાંડીતુર બનતા અનેક કોઝવેકમ પુલો દિવસભર પાણીમાં ગરક રહયા હતા, તેવામાં મંગળવારે સાપુતારા સહિત વઘઇ, સુબીર, આહવા અને પૂર્વપટ્ટી પંથકનાં ગામડાઓમાં મેઘરાજા નરમ પડતા જનજીવન થાળે પડયુ હતુ, ડાંગ જિલ્લામાં મંગળવારે દિવસ દરમ્યાન ઝરમરીયો વરસાદ નોંધાયો હતો. સાપુતારામાં પણ દિવસભર ધૂમમ્સીયા વાતાવરણમાં ઝરમરીયા વરસાદની હેલી પડતા વાતાવરણ આહલાદક બની ગયું હતું. ડાંગ જિલ્લામાં મંગળવારે સવારે 6 વાગ્યાથી સાંજે 4 વાગ્યા સુધીનાં 10 કલાક દરમ્યાન આહવા ખાતે 06 મિમી, વઘઇ ખાતે 09 મિમી, સુબીર ખાતે 09 મિમી, જ્યારે સાપુતારા ખાતે 08 મિમી જેટલો વરસાદ નોંધાયો હતો.

# ચીખલીમાં સતત વરસાદથી વાતાવરણ ઠંડુગાર બની ગયું

**બે** ઇંચ વરસાદ સાથે તાલુકામાંથી પસાર થતી લોકમાતાઓ ધસમસતા પ્રવાહ સાથે વહી


ધર્મેશ પટેલ

ઘેજ: ચીખલી પંથકમાં વધુ બે ઇંચ વરસાદ સાથે સીઝનનો કુલ ૯૦ ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે.

છેલ્લા કેટલાક દિવસોથી વરસાદી માહોલ વચ્ચે ચીખલી વિસ્તારમાં ફરી મેઘો મહેરબાન થયો છે. રાત્રિથી મંગળવારના રોજ બપોર દરમ્યાન વધુ બે ઇંચ વરસાદ વરસ્યો હતો. બપોર બાદ વરસાદનું જોર ધીમુ થયુ હતું. પરંતુ ઝરમર ઝરમર વરસાદ ચાલુ જ રહેવા સાથે કાળા દિબાંગ વાદળો ઘેરાયેલા હોવાથી નેશનલ હાઇવે પર વિઝિબિલિટિ પણ ઘટતા વાહન ચાલકોને મુશ્કેલી વેઠવી પડી હતી. સતત વરસાદ વચ્ચે વાતાવરણ પણ ઠંડુગાર બની જવા પામ્યુ હતું. તાલુકામાંથી પસાર થતી ખરેરા, કાવેરી, અંબિકા સહિતની લોકમાતાઓ પાણીના ધસમસતા પ્રવાહ સાથે વહી રહી છે. જોકે કાવેરી નદીની સપાટી સવારે અગિયાર ફૂટ જેટલી હતી. જેમાં ઘટાડો નોંધાયો હતો.



# ખેરગામ તાલુકામાં ચાર કોઝવે પાણીમાં ગરકાવ

ખેરગામ : ખેરગામમાં વધુ ૧.૮૪ ઈંચ વરસાદ સાથે તાલુકામાંથી પસાર થતી તાન-ઔરંગા સહિતની લોકમાતા ઉભરાઈ જતા અનેક ગામોને જોડતા ચાર કોઝવે આજે પણ પાણીમાં ગરકાવ રહેતા ખેરગામ તાલુકાનો ધરમપુર તાલુકા સાથેનો સંપર્ક કપાઈ જવા પામ્યો છે.

છેલ્લા કેટલાક દિવસોથી વરસાદી વચ્ચે ખેરગામ વિસ્તારમાં ફરી મેઘરાજા મહેરબાન થયા છે. ખેરગામ તાલુકા અને ઉપરવાસમાં પગલે પાટી-ખટાણા ચીમનપાડા-મરઘમાળ બહેજ-ભાભા અને નાંધઈ-મરલા ગામોને જોડતા ચાર કોઝવે પાણીમાં ગરકાવ રહેવાથી આજે પણ લોકોએ લાંબો ચકરાવો લેવાની ફરજ પડી હતી.

# ઉમરગામમાં સતત વરસાદથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયો

**સરીગામમાં** મંગળવારે સવારથી ભારે વરસાદ પડતા લોકો હાલાકીમાં મુકાયા


ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ તાલુકામાં વરસાદ અટકવાનું નામ લેતો નથી અને સતત નવમા દિવસે પણ મંગળવારે પડેલા ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારો અને રસ્તા ઉપર પાણી ભરાતા લોકો વાહન ચાલકો હાલાકીમાં મુકાયા હતા. ઉમરગામ મામલતદાર ફ્લડ રૂમના સૂત્રના જણાવ્યા અનુસાર સવારે સાતથી સાંજના ચાર વાગ્યા સુધીમાં 26 મીમી વરસાદ પડ્યો હતો. આ સાથે મોસોમનો કુલ વરસાદ 2225 મીમી (89 ઈંચ )જેટલો નોંધાયો છે. ઉમરગામ તાલુકામાં સરીગામ અને આજુબાજુના ગામોમાં તો મંગળવારે સવારે સાડા દસથી બપોરના સમયે સતત ભારે વરસાદ પડ્યો હતો. જેથી લોકો હાલાકી વેઠતા જોવા મળ્યા હતા.

# વાપીની શ્રેયસ મેડિકેર સંચાલિત એમ.એન.મહેતા હોસ્પિટલની વધુ એક ઉપલબ્ધિ

વાપી : વાપી ખાતે 108 બેડ ધરાવતી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ જે હાલ વાપી તેમજ આજુ બાજુના વિસ્તારના દર્દીઓને ખુબ જ રાહત દરે અને ઉચ્ચ કક્ષાની સારવાર આપવાની દિશામાં આગળ વધી રહેલી છે. જેનું ઉદાહરણ હાલમાં જ પુરૂ પાડયુ હતું. જેમાં વાપીના એક જાણીતા પરીવારના ઉમરલાયક વડીલ (ઉ. 72) જેઓ ઘૂંટણની તકલીફથી લાંબા સમયથી પીડાતા હતા. દર્દીએ અમદાવાદના ઘૂંટણની પરત્યારોપણ (TKR) માટે ખ્યાતિ પ્રાપ્ત અને શ્રેયસ મેડીકેરમાં સેવા આપનાર ડો. પ્રવિણ

નંદવાનાને કન્સલ્ટ કરાવતા તેઓએ (ઘૂંટણની સર્જરી) Total Knee Replacementની સલાહ આપી હતી.

સલાહ પ્રમાણે અમદાવાદના પ્રખ્યાત ડો.પ્રવિણ નંદવાના અને ટીમ દ્વારા અત્યંત આધુનિક ટેકનીકથી સફળ ઓપરેશન કર્યુ હતુ.

આપરેશન બાદ દર્દીને માત્ર ચાર કલાક પછી ચાલતા કરી ઉત્તમ સારવારનુ ઉદાહરણ પુરૂ પાડયુ હતું. જે ખરેખર વાપી તેમજ આજુ બાજુમાં દર્દીઓ માટે આશીર્વાદરૂપ ગણી શકાય.

આવનારા દિવસોમાં આ હોસ્પિટલ વધુને વધુ અત્યાધુનિક સુવિધાઓ તેમજ સુરત અને મુંબઈથી આવતા સુપર સ્પેશિયાલિટી ડોકટોરો દ્વારા દર્દીઓની સેવામાં તત્પર રહેશે એવું હોસ્પિટલના મેનેજમેન્ટે બાંહેધરી આપી છે.

# ગણદેવી તાલુકામાં ગયા વર્ષે ૭૨.૫ ઈંચ જ્યારે ચાલુ વર્ષે ૭૭.૬ ઈંચ વરસ્યો

**ચાર** કલાકમાં સવા ચાર ઇંચ પાણી ઝીકાતા જળબંબાકારની સ્થિતિ

**સતત** વરસાદથી લોકમાતાઓ છલોછલ વહેતાં પૂરની સંભાવના સર્જાઈ

**રેલવે** અંડરપાસ પાણીથી ભરાતાં ભાઠાના ઘોલ ફળિયા માર્ગો ઉપર પાણી ફરી વળ્યાં

બીલીમોરા : બીલીમોરા સહિત ગણદેવી તાલુકામાં મંગળવાર સવારે ફરી એકવાર સાંબેલાધાર વરસાદ પડવા સાથે ગણતરીના ચાર કલાકમાં સવા ચાર ઈંચ પાણી ઝીકાતા સર્વત્ર જળબંબાકાર સ્થિતિ સર્જાઈ હતી. મંગળવાર સાંજે ૪ કલાકે વિતેલા ૮ કલાક દરમિયાન ૧૧૪ મીમી સાડા ચાર ઈંચ સાથે


કેરસી બારીયા

મોસમનો ૧૯૪૦ મીમી (૭૭.૬) ઈંચ નોંધાયો હતો. અંબિકા નદી ૬ મીટરની જળ સપાટી વટાવતાં નીચાણવાળા વિસ્તારોમાં પૂરની સ્થિતિ જોવાઈ રહી છે.

ગણદેવી તાલુકામાં વરસાદી માહોલ યથાવત રહ્યો છે. ગત ચોમાસાઋતુમાં તાલુકામાં વરસેલા ૧૮૧૩ (૭૨.૫) કરતા ચાલુ ચોમાસામાં વધુ ૫ ઈંચ વરસાદ સાથે મંગળવાર સાંજ સુધીમાં ૧૯૪૦ મીમી ૭૭.૬ ઈંચ વરસાદ વરસ્યો છે. જેમાં મંગળવાર સવારે ફરી એકવાર આભ ફાટવા સાથે સવારે ૬ થી ૮ કલાક વચ્ચે ૪૯ મીમી અને ૮ થી ૧૦ વચ્ચે ૬૦ મીમી મળી માત્ર ૪ કલાકમાં સવા ચાર ઈંચ સાંબેલાધાર વરસાદ વરસતાં ઠેરઠેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ગણેશ મંડપો સહિત ઠેર ઠેર પાણીનો ભરાવો જોવાયો હતો. સતત વરસાદને પગલે લોકમાતા અંબિકા, કાવેરી, પનિહારી અને વેગણિયા નદી છલોછલ વહેતા પૂરની સંભાવના સર્જાઈ છે. રાબેતા મુજબ રેલવે અંડરપાસ પાણીથી ભરાયો હતો. બીલીમોરા પાસેના ભાઠા ગામના ઘોલ ફળીયા માર્ગો ઉપર પાણી ફરી વળ્યાં હતા. જેથી તે સંપર્ક વિહોણું થઈ ગયું હતું



# ઐતિહાસિક દાંડી સત્યાગ્રહ સોલ્ટ મેમોરિયલમાં પાણી ભરાયા

નવસારી : નવસારી જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી પડતા અનરાધાર વરસાદને પગલે ઐતિહાસિક દાંડી સત્યાગ્રહ સોલ્ટ મેમોરિયલમાં વરસાદી પાણી ભરાતા સહેલાણીઓને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો. તેમજ મીઠા સત્યાગ્રહ સ્થળ પર વહીવટી તંત્રએ ભરાયેલા વરસાદી પાણીનો નિકાલ ન કરતા સહેલાણીઓમાં રોષ પણ જોવા મળ્યો હતો. કેન્દ્ર સરકારે અંદાજે રૂ. 72 કરોડના ખર્ચે નેશનલ સત્યાગ્રહ સોલ્ટ મેમોરિયલનું નિર્માણ કર્યું છે. આ સોલ્ટ મેમોરિયલના કારણે દાંડીમાં ટુરીસ્ટોની સંખ્યામાં પણ વધારો થયો છે. ત્યારે વહીવટી તંત્ર આ સ્થળની કાળજી લે એ જરૂરી છે.

# વાપીમાં દિવસે વિઝિબિલિટી ઘટતાં અંધારું

**કાળા ડિબાંગ** વાદળો વચ્ચે એકધારો વરસાદ, ફરી ટ્રાફિક વ્યવહાર ખોરવાયો



સુરત : વલસાડ જિલ્લા સહિત વાપી તાલુકામાં અઠવાડિયાથી વરસાદ પડી રહ્યો છે. જેમાં સોમવારે દિવસભર વરસાદ પડયો હતો અને મોડી રાત્રીના સમયે જોરદાર વરસાદી બેટીંગ થઈ હતી. મંગળવારની સવારથી કાળા ડિબાંગ વાદળો છવાયેલા હતા અને સતત એકધારો વરસાદ સવારે આશરે નવેક વાગ્યાની આસપાસથી ચાલુ થયો હતો, જે બપોરના બે વાગ્યા સુધી ચાલુ રહ્યો હતો. ભારે વરસાદને પગલે માર્ગો ઉપર દોડનારા નાના-મોટા વાહનચાલકોએ હેડલાઈટ પણ ચાલુ કરવાની ફરજ પડી હતી. જે બાદ વરસાદની ગતિ ધીમી પડી હતી. કાળા ડિબાંગ વાદળોને લઈ વાપીમાં ધોળો દિવસ પણ ધૂંધળો દેખાયો હતો. મંગળવારે ભારે વરસાદ થવાને લઈ ફરી પાછા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતાં. વાપી જીઆઈડીસીના માર્ગો, વાપીસેલવાસ માર્ગ, ચણોદ, મુક્તાનંદ માર્ગ સહિતના વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા ફરી પાછી સર્જાઈ હતી.

## વાપીમાં 4 , કપરાડા-ધરમપુરમાં 3 ઈંચ વરસાદ

**જિલ્લામાં** મંગળવારે પણ મેઘરાજા મન મૂકીને વરસ્યા

**અવિરત** વરસાદથી ખેડૂતો સહિત લોકો પણ હવે કંટાળ્યા

વલસાડ : વલસાડ જિલ્લામાં મંગળવારે પણ મેઘરાજા મન મુકીને વરસ્યા હતા. અવિરત વરસી રહેલા વરસાદથી ખેડૂતો સહિત લોકો પણ હવે કંટાળી ગયા હોય તેવું લાગી રહ્યું છે. છેલ્લા એકાદ અઠવાડિયાથી વરસતા વરસાદે સમગ્ર જિલ્લામાં પાઈ પાણી કરી દીધું હતું. વલસાડ જીલ્લામાં પડેલા વરસાદના આજરોજ પૂરા થતાં 24 કલાકમાં સૌથી વધુ વરસાદ વાપીમાં 4.24 ઇંચ, ધરમપુરમાં 3.12 ઇંચ, કપરામાં 3.12 ઇંચ, વલસાડમાં 1.84 ઇંચ, પારડીમાં 1.76 ઇંચ અને ઉમરગામમાં 1.2 ઇંચ વરસાદ વરસ્યો હતો.

# પારડી ગણેશ મંડપ પાછળ જુગાર રમતા 8 શકુની ઝડપાયા

**પોલીસે** રેડ કરતાં રોકડા 26,900 અને બાઈક મળી 1.51 લાખનો મુદ્દામાલ કબજે કર્યો

પારડી , પારડી દમણીઝાંપા ફિનાઇલ ફેક્ટરી બાજુમાં ભવાનીમાતાના મંદિર પાસે સોમવારે રાત્રે ગણેશજીની સ્થાપના કરેલ જગ્યા પર કેટલાક લોકો જુગાર રમતા હોવાની બાતમી પારડી પોલીસને મળતા પોલીસે ટીમ બનાવી રેડ કરી હતી. જેમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા આઠ જુગારિયાઓને પોલીસે ઝડપી પાડ્યા હતા, જો કે પોલીસને જોઈ બે જુગારિયાઓ ભાગવામાં સફળ બન્યા હતા. પોલીસ દાવ પર મૂકેલા રોકડા રૂ. 4.480 અને ઝડપાયેલા ઇસમોની અંગ ઝડતી કરી રોકડા રૂ 26,900 કબ્જે લીધા હતા. ભાગી છૂટેલા ઇસમોની એક્ટિવા કબ્જે કરી બંને વાહન માલિકોને વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે અન્ય વાહનો અને રોકડા રૂપિયા મોબાઈલ ફોન મળી કુલ્લે રૂ 1.51.380નો મુદ્દામાલ કબ્જે કરી વધુ કાર્યવાહી પોલીસે હાથ ધરી છે.

### જુગાર રમતા ઝડપાયેલાને ઓળખો

1. દિપક ચંપક પારેખ (રહે. પારડી જૂની પોલીસ ચોકી, શ્રોપ સ્ટ્રીટ) 2. અકતર અફજલ ખાન (રહે.પારડી દમણીઝાંપા તળાવની પાળ) 3. અજય વિનોદ પટેલ (પારડી સુલભ નગર) 4. મનોજ ચંપક પારેખ (વલસાડી ઝાંપા પારસીવાડ)5. ઉમેશ ભાણા નાયકા (પારડી દમણીઝાંપા નાયકીવાડ કંસારવાડ પાછળ) 6. રવિ જગદીશ નાયકા (પારડી દમણીઝાંપા નાયકીવાડ કંસારવાડ પાછળ)7. આનંદ નવીન નાયકા (પારડી દમણીઝાંપા નાયકીવાડ કંસારવાડ પાછળ) 8. કનુ બુધિયા નાયકા (પારડી દમણીઝાંપા નાયકીવાડ કંસારવાડ પાછળ)